3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૮

વર્ષ-૫ • અંક-૫૫ • સળંગ અંક - ૧૭૬૫ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૫.૨૩
સંવંત - ૨૦૮૦
પોષ વદ - ૪, સોમવાર
તા. ૨૯-૦૧-૨૦૨૪
સૂર્યાસ્ત - ૦૬.૨૭.૫૭

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**રાયધણજરના** **અ.સૌ. રેખા મુલચંદ ગડા** (ઉ.વ. ૫૨) તા. ૨૫-૧-૨૦૨૪ના હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. રતનબાઈ ભાણજીના પૌત્રવધુ. પુરબાઈ હેમરાજના પુત્રવધુ. મુલચંદના ધર્મપત્ની. અંકીત, માનસીના માતુશ્રી. ઉમંગના સાસુ. રમણીક, અમરચંદ, નવિન, સાકરના ભાભી. કુસુમના દેરાણી. ગઢસીસાના વસંત કાનજીના સાળાવેલી. ધીરેન, ભાવિની નિતીનના મામી. ધનબાઈ/રતનબાઈ રાયશી, ખેતબાઈ ગાંગજી, લાધીબાઈ જગદીશ, પ્રેમિલા દામજી, જયા મુલચંદ, કોટડી મ. હીરબાઈ મગનલાલ, નરેડી મણીબાઈ મોરારજી, ચિયાસરના વાલબાઈ ગાંગજીના ભત્રીજા વહુ. કોટડી મ. કંકુબાઈ સોજપારના દોહીત્ર વધુ. નાનબાઈ હીરજી, ડોણ ગંગાબાઈ વીરજી, ઉનડોઠ મેઘબાઈ જીવરાજ, ગઢસીસાના લક્ષ્મીબેન લીલાધરના ભાણેજ વહુ. ગઢસીસા મમીબેન વીરજીના પૌત્રી. વેલબાઈ નાનજીના પુત્રી. દેવપુરના પુરબાઈ મેઘજીના દોહીત્રી. ચાંગડાઈના સંગીતા સુરેશના બહેન. દીપ, ગોધરાના કિંજલ ગુંજનના માસી. ગઢસીસાના નવલબેન ધનજી, જયાબેન કાંતિલાલ, કોટડા (રો)ના દેવકાબેન મુરજી, કોટડી મ. ના પ્રભાબેન રામજીના ભત્રીજી. હર્ષા ભરત ઝવેરચંદના વેવાણ. **પ્રા. શ્રી વ.સ્થા. જૈન સં.સં. શ્રી કરસન લધુ નિસર હોલ (દાદર-વે.). ટા. ૨ થી ૩.૩૦.** નિ. મુલચંદ ગડા, ૧૦૨, એ-૮, સેક્ટર-૨, શાંતિનગર, મિરારોડ (ઈ)-૪૦૧૧૦૭. મો. ૭૪૯૮૭૯૬૧૮૨.

4/1/1 --------- (1-1)



**નાની ખાખરના** **મનસુખભાઈ ગાંગજી રવજી દેઢિયા** (ઉ.વ.૭૬) તા. ૨૬-૧-૨૪ ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. હીરબાઈ રવજીના પૌત્ર. મઠાંબાઈ ગાંગજીના સુપુત્ર. નયનાબેનના પતિ. ચિરાગના પિતા. પ્રીતિના સસરા. પલક, જાનવીના દાદા. મણીબેન, મોંઘીબેન, કસ્તુરબેન, કેશવજી, શાંતિલાલ, વસંતલાલ, સુરેશના ભાઈ. જયવંતી, રંજન, કુસુમના દિયર. વાસંતીના જેઠ. હરખચંદ રવજીના ભત્રીજા. પુનડીના ગંગાબાઈ કોરશી મુરજીના દોહિત્ર. કોડાય વસનજી કાનજી સાવલા, મોટી ખાખર શાંતિલાલ કુંવરજી છેડા, કાંડાગરા મણીલાલ કુંવરજી ગાલાના સાળા. કોડાય વેજબાઈ લક્ષ્મીચંદ, ભુજપુર લક્ષ્મીબેન વેલજી, કોડાય રતનબેન મગનલાલના ભત્રીજા. બિદડા વિમળાબેન શામજી ધારશી ફુરીયાના જમાઈ. રાજેશ, સુશીલા, ઉષા, મધુના બનેવી. બીનાના નણંદોઈ. બારોઈ હરખચંદ પ્રેમજી કેનીયા, મુંદ્રા રમેશ ગાંગજી કેનીયા, કારાઘોઘા કૃષ્ણકાંત પ્રેમજી સાવલાના સાઢુભાઈ. પુનડી જેઠીબાઈ મોણશી રતનશી છેડા, બિદડા મેઘબાઈ હીરજી પદમશી દેઢિયાના દો.વર. બોરીવલી નયનાબેન રમેશ કાપડીયાના વેવાઈ. **પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.** નિ : મનસુખભાઈ દેઢિયા, ૪૦૬/૨૨, મણીભવન, તેલંગ રોડ, માટુંગા (સે.રે.), મું-૧૯. નયનાબેન- ૭૪૯૮૪૪૭૨૧૨.

2/1/1 --------- (1-2)



**નાના ભાડિયાના** **વીરજી (બચુભાઈ) મારૂ** (ઉ.વ. ૯૦) ડોંબીવલી મધે તા. ૨૬-૧-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી પનઈબાઈ વેલજી પાંચારિયાના સુપુત્ર. લક્ષ્મીબેન (લાછબાઈ)ના પતિ. કિરણ, સરોજના પિતાશ્રી. મીના, વડાલા બિરેન નાથાલાલના સસરા. કૃણાલ, વિધીના દાદા. વંશના નાના. જેઠાલાલ, દામજી, મોરારજી, ખીમજી, ત્રગડી પાનબાઈ પાલણના ભાઈ. લક્ષ્મીબેનના દેર. ગુણવંતીબેનના જેઠ. જયશ્રી હસમુખ, તુંબડી મુક્તા ચંદ્રકાંત, કોડાય પ્રવિણા પ્રદીપ, લાખાપુર અરૂણા ચેતન, રામાણીયા શીલા ઉમેશના કાકા. દર્શના, સુનીલ, ભાવના મયુર, ચંદ્રેશના મોટા બાપા. ત્રગડી ઝવેરબેન પ્રેમજી ઠાકરશીના મામા. ભુજપુર માતુશ્રી દેવકાબેન પ્રેમજી ગાંગજી હેણિયાના જમાઈ. મણીબેન હીરજી, કસ્તુરબેન હરિલાલ, સાકરબેન ભવાનજીના બનેવી. વિણા નરેન્દ્ર, જયશ્રી નિલેશ, અંજના મનોજ, મહેશ, સુરેશ, રતાડિયા ગણેશ અરૂણા ભરત, ડોણ નયના વિપુલના ફુઆ. ભુજપુર નિર્મળા લક્ષ્મીચંદ, કાંડાગરા વિમળા કેશવજી, તુંબડી કસ્તુર પ્રવીણચંદ્રના માસા. વડાલા હેમલતાબેન જેઠાલાલ, ઝવેરબેન નાથાલાલના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. (ત્વચાદાન કરેલ છે)** બાર નવકાર ગણવા. નિ. કિરણ વિરજી મારૂ, ૫/૧૨ એવરેસ્ટ સોસાયટી, દીનદયાલ રોડ, ડોમ્બીવલી-વેસ્ટ. ૪૨૧૨૦૨. કિરણ : ૯૮૨૦૦૭૭૫૧૧, મીના : ૯૯૬૭૮૭૫૭૬૨, સરોજ : ૯૬૦૪૯૯૫૫૭૨.

2/1/1 --------- (1-3)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ॥**
**સહિયારા- થાણા-માતુશ્રી ગોમતીબેન રતનશી છેડા નેત્ર બેંક ૯૩૨૦૬૧૧૯૧૯, ૨૫૩૪૧૯૧૯**

### શ્રી કાંડાગરા નગરે જિનાલય ધ્વજારોહણ

શ્રી શાંતિ - નમિનાથ જિનાલય ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ છે. આપણા જ ગામના પ. પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ. સા. ના સુશિષ્યા પ. પૂ. સા. શ્રી કોટીગુણાશ્રીજી મ. સા. સંયમ સુવર્ણ વર્ષમાં પ્રવેશ કરશે. તે નિમિત્તે સયંમ જીવનને અનુલક્ષીને અનુષ્ઠાન તા. ૧૮/૫/૨૦૨૪ બપોરે રાખવામાં આવેલ છે. તા.૧૯/૫/૨૦૨૪ બપોરે બંન્ને જિનાલયે પ્રભુજીને અઢાર અભિષેક. તા. ૨૦/૫/૨૦૨૪ સવારના સતરભેદી પૂજા સહ બન્ને જિનાલય ના ધ્વજારોહણ શુભ મુહુર્તે. આ પાવન પ્રસંગે કાંડાગરા ગામવાસી, નિયાણી બહેનો સૌને બહોળી સંખ્યામાં પધારવા શ્રી સંઘ તરફથી ભાવભર્યું આમંત્રણ. વિગતવાર કાર્યક્રમની રૂપરેખા પાછળ જણાવવામાં આવશે તેની સૌએ નોંધ લેવી. લી. શ્રી કાંડાગરા અ. મૂ. જૈન સંઘના ટ્રસ્ટીઓ

2/1/1(30) --------- (A-20370)(1-4)

## શૈક્ષણિક

### જન્મ દિવસનાં હાર્દિક વધામણાં સોનગઢ રત્નાશ્રમ

ઋષી મુનિઓનાં પાવન પગલાની વિદ્યાભુમિ એટલે સોનગઢ રત્નાશ્રમ અહીંથી ભણીને નીકળેલ બાળક જગતના કોઈ પણ ખુણે ભારતમાતાનું નામ ઉજ્જવળ કરી સફળતાની સીડી સર કરતો દેખાશે. ગામ સાભરાઈના પલ્લવી હેતલ લાલજી હરીયાના તા. ૨૯-૧-૨૦૨૪ના રોજ જન્મ દિવસ પ્રસંગે ગામ : ગઢશીશાના શ્રીમતી સુંદરબેન પ્રેમજી દેઢીયા તથા કિયાન હેતલ હરીયાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી જન્મ દિવસની અનેરી ઉજવણી કરી. જ્યાં સમાજના ૫૧૦ જેટલા બાળકો કોઈ પણ જાતના લવાજમ વગર સ્વસ્થ અને સંસ્કારીય તાલીમ લઈ રહ્યા છે. લિ. હર્ષ ધારશી દેઢીયા-ભૂ.વિ. મંડળ સભ્ય-ભુજપુર-૯૯૭૫૬૨૪૮૩૪.

4/1/1(4) --------- (A-20315)(1-5)

### ધાર્મિક પુસ્તક મલાડ નગરે સ્થિરતા

ચલે પવન કી ચાલ, જગ મેં, ચલે પવન કી ચાલ. પુજ્ય મુનિરાજશ્રી વિશ્વાનંદ વિજયજી આદિ ઠાણા ૩ મલાડ પધાર્યા છે. અહીં પુસ્તક લેવાની ઘણી વિનંતી થતા પુજ્ય હેમકીર્તી વિજયજી મ.સા. પુસ્તક લેવાનું સ્વીકારેલ છે. જે પુસ્તકો અહીં જ્ઞાન ભંડાર તેમજ ભીવંડીમાં જ્ઞાન ભંડારોમાં મોકલવામાં આવશે. હાલ અહીં સ્થિરતા કરશે. પુજ્ય મ.સા.ની તબીયત સારી છે. તારીખ : ૫-૨-૨૦૨૪ સુધી મોકલવાની વ્યવસ્થા કરશો હાલ ફોટાઓ લેવામાં આવશે નહીં. પ્રતિમા અખંડ હશે તો સ્વીકારવામાં આવશે. લિ. અમિત શાહનાં જય જિનેન્દ્ર વાંચશો. પુસ્તક લેવાનું સ્થળ : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી દેવ કરણ મુલચંદની વાડી, સ્ટેશનની બરાબર સામે, મલાડ (વેસ્ટ) સંપર્ક : અજીત-૯૬૫૩૩૫૩૭૯૫, મહાનંદ-૯૮૯૨૫૫૨૪૯૨, લલિત-૯૯૨૦૬૪૦૪૮૬.

4/1/1(1) --------- (A-20319)(1-6)

### (JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે દૈનિક પચ્ચખાણ બારાખડી પ્રમાણે ડ : ડોમિનોઝ (Domino's) માંથી પીઝા મંગાવવા નહીં. (ઓનલાઈનથી થતી જીવ હિંસા ટાળવા).

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

4/1/1(5) --------- (A-20314)(1-7)

### મરણ નોંધમાં સુધારો

તા. ૨૮/૧/૨૪ની પત્રિકામાં આવેલ કાંડાગરાના અનશનવ્રતધારી શ્રી રાઘવજી ખીમજી છેડાની મરણ નોંધમાં મંજુલાબેન અને દિવ્યાબેનના નણંદોઈ એમ ઉમેરીને વાંચવું. શરતચૂક બદલ ક્ષમાયાચના. લિ. પરિવારજનો.

2/1/1(31) --------- (A-20369)(1-8)

## જીવદયા અનુદાન

### શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે દાન માટે સં. સ્થાનીક ૯૮૭૫૨૮૫૨૬૯

૧૫૦૦/- શ્રી જલારામ દાબેલી (ભુજપુર), ૧૫૦૦/- મેસર્સ મિહીર જ્વેલર્સ (ભુજપુર) દાનપેટી, ૧૫૦૦/- શ્રી ભાવેશ સુરેશ જેસર (ભુજપુર) દાનપેટી, ૧૫૦૦/- શ્રી આશાપુરા મંડપ સ્ટાફ ટીમ (ભુજપુર), ૧૨૦૦/- મેસર્સ સોનલકૃપા બેગ (ભુજપુર) દાનપેટી, ૧૧૧૧/- શ્રીમતી અંજના ઉમેશ પરમાર (સમાઘોઘા), ૧૧૦૦/- શ્રી ગોપાલ પાલુ ગીલવા (ભુજપુર), ૧૧૦૦/- શ્રી કૃનાલ બી, ૧૧૦૦/- સ્વ. સોનબાઈ કલ્યાણ મીઢાણી (ભુજપુર), ૧૧૦૦/- શ્રી રામ ભરોસે, ૧૧૦૦/- શ્રી રામ ભરોસે, ૧૦૦૧/- મેસર્સ રશ્મી કેક શોપ (ભુજપુર) દાનપેટી, ૧૦૦૨/- જય સોનલ માઁ (ઝરપરા) ઘાસચારો અને કુતરાને રોટલાના, ૧૦૦૦/- શ્રી વિજય માવજી જોષી (ભુજપુર), ૧૦૦૦/- શ્રી આશાપુરા એન્ટરપ્રાઈઝ (સમાઘોઘા), ૧૦૦૦/- શ્રી રશીક વિશ્રામ છાભૈયા (ભુજપુર) લી. ટ્રસ્ટી.

2/1/1(17) --------- (A-20323)(1-9)

### શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે દાન માટે સં. સ્થાનીક ૯૮૭૫૨૮૫૨૬૯

૫૦૦૦/- શ્રી ભાણજી મનજી રામાણી પરિવાર (બીદડા), ૫૦૦૦/- શ્રી જીનાશા આરાધક મુર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ (વસ્ત્રાપુર-અમદાવાદ), ૫૦૦૦-/ શ્રી મહેશ આર. મોદી (મુંદરા), ૫૧૦૦/- જય સોનલ માઁ હ. શ્રી હરેશ કરમણ સેડા (ભુજપુર), ૫૧૦૦/- શ્રી બહાદુરસિંહ ટપુભા જાડેજા (દેશલપુર), ૫૧૦૦/- સ્વ. આનંદબા રાજુન્દ્રસિંહ ગોહિલ (ભાવનગર), ૫૦૦૦/- અ.નિ. કાનબાઈ મનજીભાઈ પરબત કેરાઈ હ. શ્રીમતી પુરબાઈ વાલજી જેસાણી (નારાણપર), ૫૦૦૦/- શ્રી રામ ભરોસે (ભુજપુર), ૪૬૦૦/- મેસર્સ રાધીકા જ્વેલર્સ (ભુજપુર) દાનપેટી, ૩૮૬૬/- શ્રી ટી.એમ. કુમાર શાળા (ભુજપુર) દાનપેટી, ૩૦૦૧/- શ્રીમતી આશાબેન સલાટ (ભુજ), ૨૫૧૧/- શ્રી હરદાસભાઈ (મુંદરા) દાનપેટી, ૨૧૦૦/- શ્રી સવરાજ અરજણ રામાણી (ભુજપુર). લી. ટ્રસ્ટી.

2/1/1(16) --------- (A-20324)(1-10)

### શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે દાન માટે સં. સ્થાનીક ૯૮૭૫૨૮૫૨૬૯

૨૫૦૦/- શ્રી કવીશ ઈશા હર્ષિત છેડા (કુંદરોડી) જન્મદિવસ નિમિત્તે, ૨૨૬૦/- આઈ કૃપા જનરલ સ્ટોર (ભુજપુર) દાનપેટી, ૨૨૦૦/- શ્રી ધૈર્ય કિશન ગઢવી, (ભુજપુર), ઘાસચારાના રૂા. ૧૧૦૦/-, કબુતર ચણ અને કુતરાના રોટલા માટે રૂા. ૧૧૦૦/-, ૨૧૫૧/- શ્રી રવી ઓકેદરા (ભુજપુર), ૨૦૦૦/- શ્રી કેતન લક્ષ્મીચંદ સંગોઈ (ડોંબીવલી-ઈસ્ટ), શ્રી લક્ષ્મીચંદ દેવરાજ સંગોઈની છઠ્ઠી પુણ્યતિથી નિમિત્તે હ. માતુશ્રી રતનબેન લક્ષ્મીચંદ સંગોઈ (પત્રી), ૧૯૦૦/- મેસર્સ યમુના એગ્રો કલ્ચર (ભુજપુર) દાનપેટી, ૧૮૦૦/- મેસર્સ નવકાર ફેમીલી શો રૂમ (ભુજપુર) દાનપેટી, ૧૬૪૦/- શ્રી રતન મંગા સેડા (ઝરપરા), ૧૬૪૦/- શ્રી હિતેશ હીરાલાલ ગોર (ભુજપુર) દાનપેટી, ૧૫૦૦/- શ્રી કાંતીલાલ ઈશ્વરલાલ રાજગોર (ભુજપુર). લિ. ટ્રસ્ટી.

2/1/1(18) --------- (A-20322)(1-11)

**શ્રી મહાવીર એમ્બ્રો. માટુંગા**
**૪૫ વરસથી ફેમસ**

આપણા સમાજમાં એકી અવાજે વખણાયેલુ જુનું અને ૪૫ વરસનું જાણીતું નામ શ્રી મહાવીર એમ્બ્રોઇડરી એમ્બ્રો. સાડીઓ અને મેઈક ટુ ઓર્ડર અને ઓલ્ટરેશન માટે જુના કારીગરી થી વખણાયેલું જુનું મથક સાચી જરી વધારે ભાવથી વેંચવા લઈ આવો ભાવની ખાત્રી થાય પછી જ વેંચવા આપજો SP. OFFER - ૬૦ થી ૭૦ વરસની સાચી જરીની આઈટમ EXTRA ભાવથી લઈશું (આરી વર્ક નહીં) શ્રી મહાવીર એમ્બ્રોઈડરી ભંડારકર રોડ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે, માટુંગા-ઈસ્ટ. ૨૪૦૨૫૦૭૦ - ૮૬૫૨૨૩૯૫૩૭, ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ. બંધ.

2/1/1(7) -------- (B-20249)(2-1)

**મલાડ, કાંદીવલી, બોરીવલી વેસ્ટર્ન લાઈનના સંગીત રસિકો માટે જુના હિંદી સોંગનો પ્રોગ્રામ**

જુનાને જાણીતા હિન્દી ફિલ્મીગીતોનો પ્રોગ્રામની ધમાકેદાર રજુઆત રાજમુદ્રાના ટેલેન્ટેડ સીંગર્સ કરવાના છે.

- આપના નિશુલ્ક પાસ વોટ્સઅપ : 9082773676 પર બુક કરાવો. (૬૦+ સીનીયર સીટીઝનને ફ્રી પાસ છે. અન્યને ૫૦/- ડોનેશન પાસ છે).
- સ્થળ અને ટાઈમ : મીડાસ સ્ટુડીયો, મહાવીર નગર, કાંદીવલી (W) ૪, ફેબ્રુઆરી, રવિવાર (ટા. 3.30 to 6 P.M.)

2/1/1(6) -------- (B-20264)(2-2)

**દાદર, માહિમ, લોઅર પરેલ, માટુંગા, સાયન**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, દુકાન, ફ્લેટ ભાડેથી / વેચાતા / લેવા / વેચવા કેતન ગાલા : 9892077714 / 9167759077 / 7045505510.

- રેડીમેડ ગારમેન્ટ હોલસેલ / મેન્યુફેકચરીંગ યુનિટ અને ઈંડસ્ટ્રીયલ ગાળા ૨૦૦ થી ૩૦૦૦ સ્કવેર ફીટ જગ્યા મળશે.
- ડોક્ટર, સી.એ., વકીલ, કોર્પોરેટ ઓફિસ મળશે.

2/1/1(14) -------- (B-19964)(2-3)

**'જુનુ સોનુ ચાંદી'**

જુનુ સોનુ ચાંદી હીરા મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું.

- સોનુ : 63000/- 24 K
- ચાંદી : 72500/- 1 Kg
- ડીઝાઈનર સર્ટીફાઈડ ડાયમંડ જ્વેલેરી પર 15% Discount.
- વલ્લભદાસ & સન્સ જ્વેલર્સ, શોપ નં. ૬ જવેરી બીલ્ડીંગ, ડી.જે.રોડ, સ્ટેશન સામે, વિલેપાર્લા (વે.) Mob. 9930644520.

4/1/1(13) -------- (N-20008)(2-3)

**અવા જ્વેલર્સ (માટુંગા)**

આભ ને આંબી રહેલા વધતા સોના ના ભાવમાં જવલ્લે જ પહેરી શકાય એવી લોકર જ્વેલરી લેતા પહેલા એક વાર તદ્દન નવા વેરેબલ, નવી પેઢીના પોશાક અને જરૂરિયાતને અનુરૂપ પોકેટ ફ્રેંડલી રેન્જ...ની રીયલ જ્વેલરી તેમજ તમારી જૂની આઉટડેટેડ જ્વેલરીનું વેચાણ = 50/60 % loss બુક કરતા પહેલા એક વાર તોડફોડ વિના મોડીફિકેશનનો કોન્સેપટ સમજવા તથા આખા મુંબઈ માં હાઈએસ્ટ વરાઈટી.. કસ્ટમાઈઝડ ડિઝાઈન કરાવેલા યુનિક શેપના મોતી / સેમી પ્રેશિઅસની વાઈડ રેન્જ માળા ડિઝાઈનિંગ માટે પધારો. અનિશા શાહ-9820166662, આર્યન શાહ-8369656457.

4/1/1(11) -------- (B-18746)(2-4)

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ભોજનશાળાના દરમાં ફેરફાર**

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન સંચાલિત માતુશ્રી મણીબાઈ મૂરજી લાલજી નાગડા ભોજનશાળાના ભોજનના દરમાં તા. ૧/૨/૨૪ થી નીચે મુજબના દર રહેશે. (૧) માસિક કુપન (બને ટાઈમ) રૂ. ૨૦૦૦/- (૨) માસિક કુપન (એક ટાઈમ) બપોરના રૂ. ૧૨૦૦/- અને (૩) માસિક કુપન (એક ટાઈમ) સાંજના રૂ. ૮૦૦/- તેમજ પ્રતિ વ્યક્તિ દીઠ છૂટક સવારના ભોજનના રૂ.૬૦/- અને સાંજના ભોજન ના રૂ. ૪૦/- રહેશે. નોંધઃ (૧) માસિક કુપનની માન્યતા જે તારીખથી આપવામાં આવશે ત્યાંથી એક મહિના માટે જ રહેશે એના પછી એ કુપનો અમાન્ય ગણાશે. (૨) આપેલ માસિક કુપન તમે એક સાથે દરરોજ એક થી વધારે નહીં વાપરી શકશો એટલે કે એક સાથે બે, ત્રણ કે વધારે કુપન વાપરી નહીં શકશો. લી. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન વતી મંત્રીઓ શ્રી અનિલ હેમરાજ શેઠીયા અને શ્રી ભાવિન ઉત્તમચંદ નાગડા. (સૌજન્યઃ મે. લા - ઈટાલીયા માર્બલ - વિક્રોલી.).**

2/1/1(2) -------- (A-20329)(2-5)

**અપના હાથ જગત નાથ, હાથે તે સાથે**

પાંજે વડીલે જી અમાનત પાંજી હયાતી મેં વકીને રોકડી ક્યો. નકા હેવર જે જનરેશન કે હની ચીજેજી "Value" જીરો.

- રીયલ જરીજી સાડી - ચણીયા ચોળી
- રીયલ જરીજા ઘરચોળા-બોર્ડર-બ્લા
- રીયલ જરીજા સેલા
- રીયલ જરીજીયું બટકસબ તથા આરી વર્ક જી સાડી, ચણીયા ચોળી
- રીયલ જરીજા ચંદરવા-પોઠીયા
- રીયલ જરી જી છુટી ટીકી, સુરમો, કસબ, ઘુઘરી
- ભજાર કરતાં વધારે ભાવથી વકેલા પાંજી ધુકાન તે ગની અચો ને રોકડા રૂપીયા ગની વનો.
- બે ધુકાન તે વને પહેલા અસાંજી ધુકાન જી અવશ્ય મુલાકાત ગનો.
- ૧૯૭૪ થી કચ્છી સમાજજી સેવા મેં અગ્રેસર 'પાંજી ધુકાન'
- રીયલ જરી જો માલ વેંકેલા અહીં ધુકાન તે ન અચી શકો તો અસાં કે ફોન ક્યો. અસીં આંજી સેવા મેં હાજર.
- રોકડા રૂપીયા-આંજે માલ જી સચોટ "Value" ઈઝ અસાંજે ધુકાન જી Policy. મહાવીર સારીઝ, મોદી ચાલ, દુકાન નં.૨, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (w) Opp. "SEASON'S શો-રૂમ (રવિવાર બંધ) M.: 9137146272 / 9619554801.

2/1/1(12) -------- (B-20100)(2-6)

**મેડીક્લેઈમ પોલીસી**

ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખ થી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે. વધુ વિગત માટે દીલીપભાઈ-૯૧૩૬૬૨૧૨૨૭, ૯૩૨૧૫૫૪૫૩૨.

4/1/1(10) -------- (N-20164)(2-7)

**'રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં'**
**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500 / 24150572

2/1/1(25) -------- (N-20346)(2-8)

**બ્રાન્ડેડ દવાને બદલે જેનરીક દવાઓ અપનાવો**

૨૦% થી ૯૦% પૈસા બચાવો

- મુન મેડીકો, શોપ નં. ૧૨, પદ્માવતી નગર કોમર્શીયલ કોમ્પલેક્ષ, દિન દયાલ ઉપાધ્યાય માર્ગ, ક્રોમાની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). સવારે ૭ થી રાત્રે ૮ સુધી (રવિવાર બંધ).
- સંપુર્ણ મુંબઈમાં રૂા. ૧૦૦૦/- ની ખરીદી પર ફ્રી હોમ ડીલીવરી. ડો. નીતીન શાહ (ગોસર) (ડુમરા) મો. ૯૧૩૭૦૪૭૯૨૩.

4/1/1(15) -------- (B-20327)(2-9)

**વીંછી વોરા નુખની ૬૭મી સમુહ પહેડી**

બિદડા વીંછી ફરીયા સ્થાને નમતા બિદડા, ગેલડા, પ્રતાપર, નવાવાસ, મોટી ખાખર, નાગલપુર ગામના વોરા ભાવિકો જોગ, પહેડીનો શુભ દિવસ : રવિવાર, તા. ૪/૨/૨૦૨૪, શુભ સ્થળ : માનવ સેવા સંઘ, ૧માળે, ગાંધી માર્કેટની સામે, સાયન (વે.) લાભાર્થી પરિવાર : માતુશ્રી સાકરબેન વસનજી વીરજી વોરા, હ. અ.સૌ. નિલમબેન અતુલ વસનજી વોરા (ગેલડા-બોરીવલી). તો સૌ તારીખ, સમય અને સ્થળ નોંધી રાખશો. લિ. શ્રી વીંછી વોરા જખદાદા ભાવિક મંડળ. જા.સૌ. માતુશ્રી મઠાંબેન ખીમજી વોરા (મોટી ખાખર).

2/1/1(22) -------- (B-20339)(2-10)

**ચાલો સ્ટેચ્યુ યુનિટી, મણીલક્ષ્મી તીર્થ, પોઈચા**

રમણ શેઠીયા સંચાલિત મણીલક્ષ્મી તીર્થ, ખંભાત તીર્થ, વાલવોડ તીર્થ, સિધ્ધભૂમિ ધામ, ઓમકાર તીર્થ, સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોઈચા દિ. ૩, ઉ. ૨૬/૨, ૩/૩, ૧૧/૩ અને વેકેશનમાં ૧/૫માં ગ્રુપ હોવાથી જુજ સીટો બાકી, A.C. બસ, A.C. રૂમો. ઘર જેવું ટેસ્ટી જમવાનું. સ્ટેચ્યુમાં ૪ સ્ટાર હોટલમાં એક રાત્રી, લકઝરી પ્રવાસ, સં. રમણ શેઠીયા : 9372971397.

2/1/1(21) -------- (B-20340)(2-11)

**'કચ્છ - વડાલા ગામે : ૧ રૂમ કિચન'**
**! ફક્ત રૂા. ૮ાા લાખમાં !**

કચ્છનું ગોકડીયું અને સર્વે સુવિધાઓથી સુસજ્જ તથા ગાંધીધામથી KVO નું પ્રથમ ગામ 'વડાલા' મધે સ્થાનકથી '૨' મિનિટના અંતરે 'લાખણી એપાર્ટમેન્ટ-૪'માં ૧લે માળે હવા-ઉજાસવાળો ૧ રૂમ કિચન (૩૫૦ ફુટ) ફક્ત રૂા. ૮ લાખ ૫૦ હજારમાં આપવાનો છે. (રેડી પઝેશન) સં. સંકીલ પ્રફુલ્લ ગાલા : મો.: 9970348257.

2/1/1(26) -------- (B-20343)(2-12)

**સમર વેકેશનના, જુજ પ્રવાસોમાં, જુજ સીટો સ્વતંત્ર કીચન + પેકેજ 'શેઠીયા ટુર'**

(૧) દાર્જીલીંગ, સીક્કીમ, ગેંગટોક, પુમથોંગ, પેલીંગ, નામચી, લાચુંગ, (૩૧ માર્ચ, ૪-૧૯ એપ્રીલ) (૨) કાશ્મીર, પહેલગાંવ, શ્રીનગર, ગુલમર્ગ, સોનમર્ગ, વૈષ્ણોદેવી (૩) અરૂણાચલ, મેઘાલય, આસામ, સીલોંગ, કાજીરંગા, ચેરાપુંજી, માવલોંગ અને ખાસ બોમ્લાપાસ અને દાવકી બોર્ડર. બુકીંગ માટે સં. 'શેઠીયા ટુર' 8369397524, 9029329818, 8454843663.

4/1/1(19) -------- (B-20342)(2-13)

**રિધ્ધી સિધ્ધી ગોલ્ડ-મુલુંડ આભારની અભિવ્યક્તિ, અંતરથી ક્ષમાયાચના**

**ગુણવત્તા, વિશ્વસનીયતા અને કિફાયતી કિંમત માટે વખણાયેલ સુવર્ણ ડાયમંડના કલાત્મક દાગીનાની ઘડામણીમાં ડિસ્કાઉન્ટની ઓફર દરમ્યાન હર્ષભેર પધારેલા સૌ ગ્રાહકો, શુભેચ્છકો તથા સ્નેહીજનોનો આભાર.**

- **અમારી અત્યંત વ્યસ્તતાને લીધે આપના આગમન દરમ્યાન આપને કોઈ તકલીફ પડી હોય તો સાચા દિલથી ક્ષમા યાચીએ છીએ. ગ્રાહકનો સંતોષ એજ અમારો મુદ્રાલેખ!**
- **ભવિષ્યમાં પણ આપનો આવો જ સાથ સહકાર અને પ્રતિસાદ મળશે એવો વિશ્વાસ છે.**
- **કિર્તીમહલ હોટેલની સામે, એમ.જી. રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. ફોન : 25617799 / 9326397471 રાજેશ, ધવલ સાવલા (કોડાય)**

2/1/1(4) -------- (B-20361)(2-14)

**ફક્ત રૂા. ૭૦૦૦/- માં SPLIT AC**

૧૦૦% કોપર સ્પ્લીટ AC એક્સચેંજ કરીને ૨૫૦૦૦/- મળશે. પહેલા ફક્ત રૂા. ૭૦૦૦/- ભરીને બાકીના વગર વ્યાજે સરળ હપ્તાથી ભરવાની સગવડ. તેમજ બીજી જાણીતી બ્રાન્ડના એ.સી. પણ મળશે. OGENERAL, MITSUBISHI, LG, PANASONIC, VOLTAS, TOSHIBA, HAIER. મળો ચંદ્રકાંત વીરા-ભુજપુરવાળા. Ph. 9967780310.

2/1/1(24) -------- (B-20352)(2-15)

**પ્રીમીયમ ડ્રાયફ્રુટ**

આજનાં યુગમાં ખાવાનુ ચોખ્ખું મળતું નથી. શરીર ખરાબ થઈ રહ્યા છે. પ્રીમીયમના ડ્રાયફ્રુટ ખાઈને શરીરની ઈમ્યુનીટી વધારો. તબીયત બનાવો. વ્યાજબી ભાવ અને ઉચ્ચતમ ક્વોલીટી. સંપર્ક : બ્રીજેશ - ૯૯૩૦૪૦૮૭૮૪, ૯૮૩૩૨૮૪૩૧૬.

4/1/1(9) -------- (B-20179)(2-16)

**દેશ વિદેશ કુરિયર 24x7**

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની ચીજવસ્તુઓ તેમજ એકસપોર્ટરો/ ઈમ્પોર્ટરો માટે Sample / Freight Econamic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો. Vacuum Packing Available. Free Pick Up Service. PAC N DELIVER. M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(8) -------- (B-20234)(2-17)

**શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર**

**પ્રેરક સેવાભાવી મુની શ્રી શુભવિજયજી આપણી સંસ્થાના મેમ્બરોનો રજીસ્ટર અપડેટ કરવાનો હોવાથી આપણી સંસ્થાના બંધારણની કલમ ૧૨ (બાર) મુજબ સભ્યોએ સંસ્થાના જણાવેલ સરનામા ફેરફાર થયો હોય તો તે ફેરફારની જાણ સંસ્થાને લેખીત રીતે કરવાની સભ્યોની ફરજ રહેશે સર્વે સભ્યોએ પોતાનું હાલનું સરનામું સંસ્થાને લેખીતમાં અથવા મોબાઈલ નંબર 8828823097 ઉપર વોટ્સઅપ પર લખી મોકલવા વિનંતી. લિ. મહેશ ડુંગરશી મોતા, મહેશ વસનજી છેડા માનદ્ મંત્રીઓ.**

2/1/1(1) -------- (A-20166)(2-18)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ
# શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઈ

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

ના સંયુક્ત સાહસ

## K.V.O. Sports અભિયાન

"સ્વસ્થ સમાજ - સમૃદ્ધ સમાજ" અંતર્ગત




**Sunday | 4-2-2024**

Venue : Gandhi Maidan, Chembur (E)

REPORTING TIME

RUNNERS : 5 / 10 / 21 km — 5.30 am

BABY WEARING : 0.5 / 1 km — 6.15 am




સતત સાતમા વર્ષે
સ્વસ્થ સમાજ-સમૃદ્ધ સમાજની
સંપૂર્ણ ડીઝીટલાઈઝ્ડ દોડ

BE READY

## મુખ્ય દાતા : માતુશ્રી નિર્મળાબેન ઊમરશી લધાભાઈ ગંગર પરિવાર (ROYAL DIAMONDS-નાગલપુર-માટુંગા)

| T-shirt Sponsor | Medal Sponsor | Goodies Sponsor | Venue Sponsor | Photo Moments & Gifts Sponsor | Managed by |
|---|---|---|---|---|---|
| Chheda's — Partnering for a Tastier World | V-TRANS — Driving Excellence | elleys' electric | VIRA GROUP — VIRA REALTY INDIA PVT. LTD. — JASH NITA PRAFUL VIRA - LAYJA | Red Moments — Personalising Since 1998 | RISERS — Committed to Fitness; Shree Kutchi Jain Mandal Chembur |

મનોરંજક કાર્યક્રમો તથા પરફોમન્સનું આગવું આકર્ષણ

Finisher Medal, T-Shirt to every participant in 5 km, 10 km and 21 km

Biggest Marathon Event in KVO Jain Community with fully digitised race. Season - 6

૧૦ અને ૨૧ કિમી. ના દરેક પ્રથમ વિજેતાઓને જશ હોલીડેઝ તરફથી ભૂતાન, નેપાલ, કાશ્મીરના વિવિધ હોલીડે પેકેજીસ

દરેક કેટેગરીમાં પ્રથમ વિજેતાઓને રેકોર્ડ શોપી તરફથી બ્લુ ટુથ હેડફોન

દોડવીરોના આકર્ષક ફોટોગ્રાફ ૪૮ કલાક બાદ આપણી વેબસાઈટ પર જોવાની અમુલ્ય તક

ગામ, સમગ્ર મુંબઈના લતાવાર મંડળો/સંસ્થાઓના સૌથી વધુ દોડવીરો ભાગ લેશે તેઓને વિશિષ્ટ સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવશે.

**વિશિષ્ટ આકર્ષણો**

૧ કિમીના ડ્રીમ રનમાં ભાગ લેનાર ગ્રુપ, સંસ્થાઓ, મંડળો દ્વારા સામાજીક સંદેશ આપવાની અમુલ્ય તક તથા વ્યક્તિગત અને ગ્રુપ કેટેગરીમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પારિતોષિક

દરેક દોડવીરને બીબની સામે ફૂડ પેકેટ

More than 100 prizes to be won. Prizes for Top 3 winners in all participation categories

Online Participant Certificate to every participant in 5km,10km and 21km from Run India Run

દિવ્યાંગોને સમગ્ર સમાજ સાથે એકરૂપ થઈ સાથ-સહયોગ મેળવવાની પ્રેરણાત્મક તક...

1km Dream Run Open for all with Fancy Dress Competition promoting a Social Cause

દરેક દોડવીરો માટે લગેજ રાખવાની વ્યવસ્થા

ધી ઓપ્ટીક પ્લાઝા બાન્દ્રા (ઈ) દ્વારા દરેક વિજેતા દોડવીર તથા દિવ્યાંગોને આકર્ષક સનગ્લાસ

ભાગ લેનાર દરેક રમતવીરોને ગુડીઝ બેગ

## સંભવત વિશ્વની કોઈપણ સમાજની સૌથી મોટી ડીજીટલાઈઝ દોડ માટે તૈયાર થઈ જાઓ...

રોયલ ડાયમંડ કચ્છી મેરેથોન ૨૦૨૪માં 5000 દોડવીરોએ સ્કુર્તી દાખવી સ્વસ્થ્ય સમાજ-સમૃદ્ધ સમાજને સાકાર કરવા કમર કસી છે..

**ગામના રજીસ્ટર્ડ દોડવીરો**

| | |
|---|---|
| દેવપુર.....૨૨૬ | લાયજા....૧૨૫ |
| બિદડા.....૧૭૬ | કોડાય......૧૨૫ |
| ગઢશીશા...૧૪૨ | ડુમરા........૧૧૩ |
| પત્રી........૧૩૪ | ભોજાય......૯૭ |
| ભુજપુર.....૧૨૯ | નાગલપુર....૯૪ |

૫૨-૪૨ ગામના મહાજનો તથા લતાવાર મંડળોએ દરેક દોડવીરને પ્રોત્સાહિત કરી અને વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરાવવા સુઆયોજીત પ્રયાસો કર્યા. સૌથી વધુ રજીસ્ટ્રેશન કરાવનાર ગામો / લતાવાર દોડવીરો આ પ્રમાણે છે. દરેક ગામના મહાજનો, વિવિધ સંસ્થાઓ તથા મદદરૂપ થનાર દરેક વ્યકિતઓને હાર્દિક અભિનંદન.

**લતાવાર રજીસ્ટર્ડ દોડવીરો**

| | |
|---|---|
| મુલુંડ.......૬૯૪ | માટુંગા.......૨૦૬ |
| ઘાટકોપર...૩૯૩ | બોરીવલી....૧૭૪ |
| ડોંબીવલી...૩૩૬ | અંધેરી......૧૫૯ |
| દાદર........૨૪૦ | કાંદીવલી....૧૪૬ |
| ચેમ્બુર......૨૧૦ | થાણા........૧૨૨ |

વધુ વિગત માટે સંપર્ક : Sanjay Gosar - 98704 13141 / Tushar Gala - 92232 08699

BINITA S. MARU - 9869034162

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
☎ ૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ – 'શુભેચ્છક દાતા'**

પોષ વદ-૪ માટે શ્રીમતી માયાબેન કાંતીલાલ દેઢીયા (મોટી ખાખર)નાં જન્મ દિવસ નિમિત્તે એમના તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(2) -------- (A-20317)(4-1)

**તા. ૨૯ જાન્યુઆરી–સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી વિજય ભવાનજી ગંગર (બારોઈ)ના સ્મરણાર્થે હસ્તે પરીવારજનો તરફથી.

● સ્વ. શ્રીમતી નાનબાઈ કુંવરજી દેઢીયા (કપાયા-વલસાડ)ની પુણ્યતિથિ નિમિત્તે શ્રી મેઘજી હંસરાજ ગાલા (ભુજપુર) તરફથી.

● સ્વ. શ્રી રાજ અનિલ રામજી કોરશી ગાલાની પુણ્યતિથિ નિમિત્તે રોનક દક્ષા અનિલ ગાલા (બાડા) તરફથી.

● માતુશ્રી નિર્મળાબેન કુંવરજી ઠાકરશી દેઢીયા (કપાયા-વલસાડ)નાં સ્મરણાર્થે શ્રી માવજી મેઘજી ગાલા (ભુજપુર-પાર્લા) તરફથી.

● શ્રી રશ્મીન શામજી ખીમજી છેડાના જન્મ દિવસ નિમિત્તે માતુશ્રી કસ્તુરબેન શામજી છેડા પરીવાર (રતાડીયા ગણેશવાલા-માટુંગા) તરફથી.

● ચિ. સમીર પન્નાલાલ છેડા (કુંદરોડી)નાં જન્મ દિન નિમિત્તે શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરીયલ ટ્રસ્ટ તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(3) -------- (A-20316)(4-2)

**શ્રી ત્રગડી (સંભવપુર) જૈન મહાજન**

સહર્ષ જણાવવાનું કે તા. ૨૧.૧.૨૦૨૪ની જનરલ મિટીંગમાં સર્વે સમંતિથી નક્કી થયેલ મુજબ નવી કારોબારીની નીચે જણાવ્યા મુજબ નિમણુંક થયેલ છે. ત્યારબાદ મહાજનના ફંડ માટે ટહેલ નાખેલ. હાજર રહેલ ભાઈઓએ પોતાનો ફાળો લખાવેલ છે. હજી બાકી હોય તેઓએ અત્રે જણાવેલ નંબર ઉપર ઉદાર દિલે ફાળો લખાવવા નમ્ર અપીલ.

● મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી પોપટલાલ લાલજી ગોગરી
● મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ કાનજી ગોગરી
● પ્રમુખ : શ્રી જયેશ દામજી ગડા
● ઉપપ્રમુખ : શ્રી સુનીલ પોપટલાલ ગોગરી
● ખજાનચી : શ્રી જીતેન શાંતિલાલ ગોગરી
● સહ ખજાનચી : શ્રી મહેન્દ્ર ટોકરશી ગોગરી
● મંત્રી : શ્રી નવિન લાલજી ગોગરી
● સહ મંત્રી : શ્રી હરખચંદ દામજી ગડા
● સહ મંત્રી : શ્રી લહેરચંદ પ્રેમજી ગોગરી
● કારોબારી સભ્યો : શ્રી કલ્પેશ દેવચંદ ગડા
● શ્રી મુકેશ દામજી ગડા
● શ્રી ધીરજ ભાણજી ગડા
● શ્રી રાકેશ હીરજી ગોગરી
● શ્રી મુનીષ દેવચંદ ગોગરી
● શ્રી સંદીપ કલ્યાણજી ગોગરી
● શ્રી વલ્લભજી જાવડ મારૂ
● શ્રી અરવિંદ ખીમજી ગડા
● એકાઉન્ટ માનદ્ સેવા : CA સન્ની દેવચંદ ગોગરી
● ફાળો લખાવવા સંપર્ક (૧) જયેશ દામજી ગડા મો.: 9869139135 (૨) નવિન લાલજી ગોગરી : મો.: 9820199099 (૩) મહેન્દ્ર ટોકરશી ગોગરી : 9833156006. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(23) -------- (A-20353)(4-3)







## સંસ્થાકીય મિટીંગ

**શ્રી નાના ભાડિયા જૈન મહાજન સામાન્ય સભા**

મહાજનશ્રીના સર્વે સભ્યો જોગ, જય જિનેન્દ્ર સાથે જણાવવાનું જે આપણાં મહાજનની એક સામાન્ય સભા સોમવાર તા. ૫/૨/૨૪ના સાંજે ૭.૦૦ વાગે ઠે. કચ્છ યુવક સંઘની ઓફિસ, તક્ષશિલા બિલ્ડીંગ, ૧લે માળે, ચિત્રા સીનેમાની ગલ્લી, દાદર (ઈ) મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના એજેન્ડા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. (૧) ગત સભાની મીનીટસનું વાંચન અને બહાલી (૨) ઈ.સ. ૨૦૨૨/૨૩ વર્ષના ઓડીટેડ રિપોર્ટનું વાંચન અને બહાલી. (૩) આવતા વર્ષ માટે ઓડીટરર્સની નિમણુંક કરવા. (૪) શ્રીમાન ચંદ્રકાંતભાઈ વલ્લભજી ગોગરી તરફથી આવેલ પત્રની રજુઆત. (૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે. નોંધ : ચા-પાણી, નાસ્તાની વ્યવસ્થા છે. લિ. મંત્રીઓ.

2/1/1(29) -------- (A-20368)(4-10)

**'ટુંડા સ્થાન : શ્રી મામલ માતાજી ભાવિક સંઘ' ! મુંબઈમાં : તા. ૧૧-૨-૨૦૨૪ના વાર્ષિક પહેડી !**

ટુંડા સ્થાને કુળદેવી શ્રી મામલ માતાજીને નમતાં ટુંડા તથા અન્ય ગામના 'દેઢીયા' નુખના ભાવિક પરીવારો જોગ. સહર્ષ જણાવવાનું કે....આપણાં કુળદેવી શ્રી મામલ માતાજીની 'વાર્ષિક પહેડી' રવિવાર, તા. ૧૧-૨-૨૦૨૪ના શુભ દિને 'ચીંચબંદર મહાજનવાડી' મુંબઈ-૯ મધ્યે યોજવામાં આવેલ છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

● (૧) સવારનાં ૯.૦૦ વાગે માતાજીની સ્થાપના-પુજા (૨) ૯.૩૦ વાગ્યાથી ભક્તિ ગીતો (૩) ૧૧ વાગે દાતાશ્રીનું બહુમાન તેમજ કાર્તકી પુનમના ધ્વજાનો લકી ડ્રો (૪) ૧૧.૩૦ વાગે માતાજીની આરતી તેમજ પ્રસાદ ચડાવવામાં આવશે. ત્યાર બાદ 'માઁ'નો પ્રસાદ-પ્રીતી ભોજન અને રાસ ગરબાની રમઝટ.

● ૧૧ વાગ્યા સુધીમાં આવનારને લકી કુપન આપવામાં આવશે.

● પહેડીના લાભાર્થી દાતાશ્રી : માતુશ્રી તેજબાઈ જેઠા વેરશી હા. વિજયાબેન ટોકરશી જેઠા દેઢીયા (ટુંડા) સમસ્ત પરીવાર.

● સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનો સહ કુટુંબ પધારીને 'માઁ' ની ભક્તિ-દર્શન-આશીર્વાદ-પ્રસાદનો લાભ લેવા સપ્રેમ આમંત્રણ છે. પહેડીનો દિવસ નોંધી લેવા તથા એક બીજાને જાણ કરવા વિનંતી.

● લિ. ભાવિક સંઘ વતી : ભુવાશ્રી ધીરજ રવજી કલ્યાણજી વેલજીના જય માતાજી.

4/1/1(20) -------- (B-20341)(4-11)

**ટાઈમ હોલીડે સંગાથે ચાલો, મોજ માણો**

Kashmir Tour

● (શ્રીનગર, પહેલગામ, ગુલમાર્ગ, સોનામાર્ગ, દુધપત્રી)
● ૮ દિવસ
● પ્રસ્થાન : ૨૨ માર્ચ, ૧ એપ્રિલ, ૯ એપ્રિલ, ૧૪ એપ્રિલ
● રૂા. ૪૫,૦૦૦/- પ્રતિ વ્યક્તિ રીર્ટન એરફેર સાથે
● Sikkim Darjeeling
● (ગંગટોક, નથુલા, નામચી, પેલીંગ, દાર્જીલીંગ લાચુંગ)
● પ્રસ્થાન ૧૮ માર્ચ
● રૂા. ૫૦,૦૦૦/- પ્રતિ વ્યક્તિ રીર્ટન એરફેર સાથે (૧૦ દિવસ)
● Leh Ladakh Tour
● સોનમાર્ગ, નુબ્રા, પનગોંગ, લેહ, કારગીલ
● પ્રસ્થાન : ૨૦ મે, ૨૯ મે, ૬ જુન
● સં. વલ્લભજી ગાલા - ૯૧૫૨૩૯૯૬૯૬, છાયા શાહ : ૯૬૮૨૫૪૧૬૧૩.

2/1/1(27) -------- (B-20360)(4-12)

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....

# શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

## આવ્યો છે અવસર તમ ઘરે રળિયામણું... બંધાયું છે તમ આંગણે રૂડુ પારણિયું...
## હર્ષ ઉલ્હાસનું સમાજમાં બંધાયું તોરણિયું...
## શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન આપે ખીર વધાયું...



જીનલ અને પાર્થ સાવલા

### ચિ. વીહા
It's A Girl

જન્મ તારીખ : ૦૪/૧૦/૨૩

:: દાદા–દાદી ::

રીટા ધીરેન હરિલાલ મેઘજી સાવલા

ગામ : પ્રાગપુર • હાલે : કાંદીવલી

:: નાના–નાની ::

પ્રફુલ્લા દીપક પદમશી મેઘજી હરીયા

ગામ : ગોધરા • હાલે : બોરીવલી



માનસી જયલ ગડા

### ચિ. રીવા
It's A Girl

જન્મ તારીખ : ૦૯/૧૨/૨૩

:: દાદા–દાદી ::

ચેતના મુકેશ હીરજી આશારીયા ગડા

ગામ : ભોજાય • હાલે : સાયન

:: નાના–નાની ::

અર્ચના ભાવેશ ચંદુલાલ મહેતા

ગામ : કરિયાણા

### ચિ. દેવ
It's A Boy

જન્મ તારીખ : ૨૬/૧૦/૨૩

:: દાદા–દાદી ::

શ્રીમતી રંજનબેન વિનોદભાઈ ડુંગરશી હિરજી ગાલા

ગામ : સાડાઉ • હાલે : મુન્દ્રા

:: નાના–નાની ::

શ્રીમતી માધુરીબેન અનિલભાઈ લીલાધર ચનાભાઈ નાગડા

ગામ : કોટડી મહાદેવપુરી • હાલે : ચેમ્બુર



પુજા અને પારસ ગાલા

### ચિ. કાશ્વી
It's A Boy & Girl

જન્મ તારીખ : ૨૮/૧૨/૨૩

:: દાદા–દાદી ::

ગીતાબેન મુકુંદભાઈ રતીલાલ શીવજી ગંગર

ગામ : નાગલપુર • હાલે : લાલબાગ પરેલ

:: નાના–નાની ::

દર્શનાબેન હરેશભાઈ ફુલચંદ મગનલાલ ભેદા

ગામ : નાના ભાડીયા • હાલે : પ્રભાદેવી દાદર



ઈશિતા અને રીધમ ગંગર



સ્નેહલ અને સંકેત દેઢિયા

### ચિ. દુલારી
It's A Girl

જન્મ તારીખ : ૨૭/૧૦/૨૩

:: દાદા–દાદી ::

શ્રીમતી પ્રીતિબેન કાંતિલાલ દેઢિયા

ગામ : ગઢશીશા

:: નાના–નાની ::

માતુશ્રી રસીલાબેન ડુંગરશી નાગજી મોતા

ગામ : માપર



નિરાલી અને વિરલ નંદુ

### ચિ. આર્યા અને ચિ. આર્યન
It's A Boy & Girl Twins

જન્મ તારીખ : ૧૮/૦૧/૨૪

:: દાદા–દાદી ::

ઉષા વિનોદ મેઘજી જાદવજી નંદુ

ગામ : રતાડીયા ગણેશવાલા • હાલે : મુંબઈ–વડાલા

:: નાના–નાની ::

શ્રીમતી ભાવના દિલીપ માવજી કેનીયા

ગામ : બારોઈ • હાલે : મલાડ

### :: નોંધ ::

જન્મ થયેલ નવજાત શિશુ ની જન્મ તારીખથી 30 દિવસની અંદર આ માહિતી ખબર પત્રિકા સમિતિના કાર્યાલયમાં જન્મ દાખલા સાથે આપવાની રહેશે. અથવા ઈમેલ પણ કરી શકો છો. kvoskp@gmail.com

(ઈમેલમાં મોબાઈલ નંબર લખવા ફરજીયાત છે.)

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ.... શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....

# અમારા પ્રેમાળ પરમમિત્રને શ્રધ્ધાસુમન



એક માસ - બે માસ કરતાં વર્ષ વિત્યું છતાં...
દ્રષ્ટિમાં હજુયે રમે છે આપનો વાત્સલ્યમયી ચહેરો,
અંતરમાં હજુયે પડઘાય છે આપની સ્મૃતિઓના ધબકારા...
અસ્તિત્વનું રોમેરોમ અનુભવે છે આપની હયાતિનો હુંફાળો સ્પર્શ,
વહે છે હજુયે અમારી સ્મૃતિમાં જિંદાદીલ - પરમમિત્ર એવા
આપના લાગણીભીના અમીભર્યા સંભારણા...

ભલે આપ સદેહે અમારી વચ્ચે નથી, પણ
અમારા હૈયે સદા જીવંત રહેશો એ જ ભાવનાસહ
પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન...

## શ્રી દામજીભાઈ લાલજી શાહ

( કુંદરોડી-અલ્ટમાઉન્ટ રોડ )

દેહ વિલય : તા. ૨૯-૧-૨૦૨૩

**રીના અને રોહિત નેમીદાસ ધનાણી**

( બેરાજા - સાંતાક્રુઝ )

**Dhanani & Sons**

( Estd. 1950 )

Three Generations of Trust

Kenia Ad Agency - 9870155993

(CLC-20328)

---

# વ્હાલી દોહિત્રી અને ભાણેજી ને શ્રધ્ધાંજલી

## અ.સૌ. રેખા મુલચંદ ગડા

રાયધણજર-મીરારોડ

અરિહંત શરણ : તા. ૨૫-૧-૨૦૨૪



સ્નેહ પ્રેમની પ્રેમલ પરિભાષા...
મૈત્રી, હૂંફ માવજતની એકમેવ આશા...
વ્હાલનો દરિયો દોહિત્રી-ભાણેજી કહેવાતી
તું વિશેષ રહી સમંદર,
ના કોઈ હતાશા, ના કોઈ નિરાશા,
દ્રઢ નિર્ધાર, ઝડપી નિર્ણયમાં અવ્વલ
પરિવારમાં કારકિર્દી ઉજ્જવલ
ઉજવ્યા ઉત્સવો જે રંગે ચંગે
તારી મીઠી યાદ આવશે દરેક પ્રસંગે.

**નાનાણા : માતુશ્રી પુરબાઈ મેઘજી કચરા નિસર (દેવપુર)**

| મામી-મામા | માસી-માસા |
|---|---|
| મીનાક્ષી મુલચંદ મેઘજી નિસર | નવલ રમેશ દેઢિયા (કોટડા રોહા ) |
| અમૃત શામજી મેઘજી નિસર | હંસા મુલચંદ સાવલા (નાના રતડીયા) |
| પ્રીતિ દિનેશ વરજાંગ વિછીવોરા (કોટડા રોહા) | રંજન કમલેશ ગાલા (દેવપુર) |
| | જયા અશ્વિન પાસડ (દેઢીઆ) |

(CLC-20357)

---

|| શ્રી મલ્લિનાથાય નમઃ ||

# શ્રી જુહૂ (ચર્ચ) જૈન સંઘ



પ.પૂ.સા. શ્રી જયગુણાશ્રીજી મ.સા. હતા ગુણ ભંડાર
પ્રથમ પૂણ્યતિથિએ વંદન કોટિવાર...

રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા., તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્યકૃપાએ સાહિત્ય દિવાકર અ.ગ.પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશિષે તેઓશ્રીના આજ્ઞાવર્તિની સાધ્વી મુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના વિદૂષી શિષ્યા પૂ.સા. શ્રી પુણ્યોદયાશ્રીજી મ.સા. ના શિષ્યા

## પ.પૂ.સાધ્વી શ્રી જયગુણાશ્રીજી મ.સા.

જેમના જીવનમાં હતી સ્વાધ્યાય રસિકતા, મનમાં અડગતા અને જીવનમાં સજાગતા,
વળીહતી દીર્ઘ સુઝ-બુઝ ને દૂર દર્શિતા, જાપમાં સદા લીનતા, દેહમાં હતી ભલે વેદના,
પણ દિલથી સદા વંદનાના ભાવો વહેતા...
જિનાજ્ઞા, ગુર્વાજ્ઞાને સદાય દિલમાં ધરતા...

એવા અમારા (સં.) પક્ષે ભાણેજી મ.સા.ની પ્રથમ પુણ્યતિથિ
**પોષ વદ ૪, સોમવાર, તા. ૨૯ જાન્યુ ૨૦૨૪**

તે નિમિત્તે જયાં એમનું અંતિમ ચોમાસું હતુ તે જુહૂ ચર્ચ જૈન સંઘ માં પૂ.સા. શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ની નિશ્રામાં પોષ વદ ૫, મંગળવાર, તા. ૩૦ જાન્યુ ૨૦૨૪, સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે દરમ્યાન અષ્ટાપદ તીર્થની આરાધના કરાવવામાં આવશે.

(CLB-20355)

તો પૂજયશ્રીના સંસારી કુટુંબીજનો
તથા ગુરૂભક્તો આ પ્રસંગે પધારવા નમ્ર વિનંતી.

લિ. માતુશ્રી પુરબાઈ ગાંગજી રામજી ગડા હ. વાસંતી નવીન ગડા (કોડાયવાલા) તથા
શ્રી જુહૂ (ચર્ચ) જૈન સંઘ

BINITA S. MARU - 9869034162

પૂજ્ય આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ દ્વારા લિખિત 100મું પુસ્તક

# રીફ્રેશ યોર માઈન્ડ

કુલ 6 ભાષામાં આ પુસ્તકની 1,80,000 નકલનું વિતરણ થઇ ચૂક્યું છે.
શું આપે આ પુસ્તક વાંચ્યું? અવશ્ય વાંચવા યોગ્ય.... રિફ્રેશ યોર માઈન્ડ
મનને ઉદાસી ફ્રી,ટેન્શન ફ્રી, ડિપ્રેસન ફ્રી, મનની સબંધિત સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો?
દ્રષ્ટાંતો,જોક્સ અને તર્કોથી ભરપૂર આ પુસ્તક તમારા માટે..

ONLINE
OPEN BOOK EXAM
સાથે (LAST DATE
30-09-2024)
માત્ર 100₹ માં
(કુરિયર/પોસ્ટ ખર્ચ સાથે)




1. કોઈ પણ વાતનું ટેન્સન કેવી રીતે દૂર કરવું?
2. મારું મન ક્યાંય સ્થિર નથી થતું... મને માર્ગ જોઈએ છે.
3. મને ડર છે, હું ડીપ્રેશનમાં છું, મને બહાર આવવું છે...

આવા મન સંબંધી અનેક પ્રશ્નો ઉઠે છે.
આપના આ પ્રશ્નોના ઉકેલ માટે
એક પ્રયાસ એટલે...

Refresh Your Mind....

: વિશેષ :
86 થી ઉપર માર્કવાળા
દરેક પરીક્ષાર્થીને
પ્રોત્સાહન ઇનામ
આપવામાં આવશે.
પરમવીરચક્ર અને
મોબાઈલ અને
રિફ્રેશ યોર માઈન્ડ એમ
3 પુસ્તક પર એક્ઝામ છે.
450/-₹ ની 3 પુસ્તક
સાથે લેશો તો માત્ર
150/-₹ માં મળશે.
(કુરિયર/પોસ્ટ ખર્ચ સાથે)

સ્થાનિક સંપર્ક
પુસ્તક
મેળવવા
RYMGUJ
લખી
9867580227
પર
WHATSAPP
કરો.

https://arhamparivar.com/shop/
પર ONLINE ઓર્ડર આપો.

અર્હમ્
અર્હમ્ પરિવાર ટ્રસ્ટ

(CLC-20255)

## માટુંગા (ઈસ્ટ) માં
## CARPET Rs. 35000/-
ના ભાવમાં ફ્લેટ બુકીંગની અનેરી તક

**2 BHK & 4 BHK**

⇨ મેન આંબેડકર રોડ
⇨ ફાઈવ ગાર્ડન નજીક

ઈન્વેસ્ટર માટે સ્પેશીયલ પ્રાઈસ બાય બેક ઓફર



અતુલ દેઢિયા : 9821149123
**Bhumi Properties** (TM)
Rera Register No.: A5180006912
(CLC-20262)
K.V.O. - P - 8104209392



## મલાડ વેસ્ટમાં

| ટાવરમાં ફ્લેટનો કાર્પેટ ભાવ | દુકાનો કાર્પેટ ભાવ |
| --- | --- |
| રૂા. 22000 | રૂા. 47000 |

બુકીંગની અનેરી તક

1 BHK 465 રેરા કાર્પેટ
2 BHK 700 રેરા કાર્પેટ
3 BHK 961 રેરા કાર્પેટ

દુકાનો - ૩૦૦ કાર્પેટથી ૬૦૦ કાર્પેટ

ટાઈટલ કલીયર | પ્રાઈમ લોકેશન | શાંત વાતાવરણ

અતુલ દેઢિયા : 9821149123
**Bhumi Properties** (TM)
Rera Register No.: A5180006912
(CLC-20261)
K.V.O. - P - 8104209392



## કાશ્મીર ટૂર
હરિયા ટ્રાવેલ્સ

ટ્યુલીપ ફેસ્ટીવલમાં જૂજ સીટો બાકી

શ્રી નગર
પહેલગામ
ગુલમર્ગ
સોનમર્ગ

ઉપડવાની તારીખો

| 30 March | 6, 13, 20, 27 April | 4, 11, 18, 25 May |
| --- | --- | --- |

## લેહ-લદાખ ટૂર



શ્રીનગર-કારગીલ લેહ રોડ ટ્રીપ
(૭ રાત્રિ / ૮ દિવસ)



શ્રીનગર, કારગીલ, લેહ, નુબ્રાવેલી, પેન્ગોંગ લેક

પ્રાઈમ લોકેશન પર હોટેલ્સ, લક્ઝરી વેહીકલ, પોતાના જ રસોડે પ્યોર વેજ સાથે જૈન ફૂડ ભરપૂર સાઈટસીન...

(CLC-20318)
વધુ વિગત માટે સંપર્ક

**Haria Travels**
સંપર્ક : શીતલ હરિયા (ખાર-વેસ્ટ) Mob.: 8779112094
K.V.O. - P - 8104209392



## K. K. MEDICARE
K. K. MEDICARE

Shop No. 1/2, K. K. Estate, Modi Chawl, T. J. Road, Opp Dosti Flamingo Gate No. 2, Sewri ( West ), Mumbai - 400015

## PEDOGRAPHY
## પેડોગ્રાફિ



Mission Aarambh
Tuning Your Body

2nd February, Friday - Timing : 10 am to 9 pm
3rd February, Saturday - Timing: 10 am to 6 pm

ફૂટ એસેસમેંટ અને બેલેન્સ તથા પોસચર એનાલીસીસ
Plantar Pressure Assessment with Balance And Posture

By - Dr. Maitri Gosar Shah
Sports Physiotherapist
Gaam - Navinaar

MRP. ~~1500/-~~ Offer Rate 500/-

Prior Registration Compulsory

Fix your Appointment :
9833398051 / 9833398052




(CLC-20321)

|| શ્રી સચ્ચા માતાય નમ: || || શ્રી ગણેશાય નમ: || || શ્રી ખેતરપાળ દાદાય નમ: || || શ્રી મહાકાળી માતાય નમ: || || શ્રી જખ્ખદાદાય નમ: || || શ્રી સાંયરી માતાય નમ: ||

## અમ આંગણીયે અવસર સોનેરી આવ્યો...
## શ્રી લંકીવાળા જખ્ખદાદાની પહેડીની સોગાત લાવ્યો...
## સપ્રેમ ભાવભર્યું આમંત્રણ

માતુશ્રી મઠાંબાઈ વેરશી માણેક ગડા (ગામ કચ્છ ચિયાસર), હ. અ. સૌ. કુસુમ કિરણ વેરશી ગડા પરિવારને




માતુશ્રી તેજબાઈ હીરજી જેઠા વોરા (નારાણપર)

ભુજ (કચ્છ) નજીક મુન્દ્રા રોડ – ડુંગર ઉપર બિરાજમાન હાજરા હજુર એવા
શ્રી લંકીવાળા જખ્ખદાદાની સમુહ પહેડીનો લાભ મળેલ છે.
અમારો પરિવાર હર્ષોલ્લાસથી જેની રાહ જોઈ રહયો હતો એ દિવસ નજીક
આવી રહયો છે. શ્રી લંકીવાળા જખ્ખદાદાની સમુહ પહેડીના અવસરનો લાભ
લેવા તેમજ દાદાના દર્શન, ભક્તિ, પ્રસાદ, આર્શિવાદ લેવા
આપને સહકુટુંબ પધારવા આમંત્રણ આપતા અમો હર્ષ અનુભવીએ છીએ.




શ્રીમતી સુંદરબેન મગનલાલ મુરજી દેઢીયા (પાગપર)

નોંધી લેજો અવસરનો શુભ દિન :
રવિવાર, તા. ૧૧/૦૨/૨૦૨૪ ના સવારના ચઢતા પહોરે

અવસર નજીક છે, આપને પધારવાનું જરૂર છે,
આપની હાજરી એજ અમારા પ્રસંગની શોભા છે.

**મંગલમય કાર્યક્રમ :**
- ★ ચા – નાસ્તો : સવારે ૭.૩૦ થી ૯.૩૦ વાગે ★ સામૈયું : સવારે ૮.૦૦ વાગે
- ★ સ્થાપના અને પૂજાવિધિ : સવારે ૮.૩૦ વાગે
- ★ ભજન ભક્તિ : સવારે ૯.૩૦ વાગે ★ થાળ ધરાવવાનો : સવારે ૧૧.૩૦ વાગે
- ★ આરતી : બપોરે ૧૨.૨૦ વાગે – ત્યારબાદ રાસ ગરબાની રમઝટ
- ★ મહાપ્રસાદ – સ્વરૂચિ ભોજન : સવારે ૧૧.૩૦ થી ૨.૦૦ વાગે

સ્થાપના અને વિધિ વિધાન : મહારાજ શ્રી રમેશ હરીરામ શર્મા
ભક્તિ ગીત – સંગીત : ભાવના વીરા અને સાથી કલાકારો

**શુભ સ્થળ :**
શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘની
શ્રી નારાણજી શામજી મહાજન વાડી, ભાઉદાજી રોડ,
મહેશ્વરી ઉદ્યાન, માટુંગા (સે. રે.), મુંબઈ – ૪૦૦ ૦૧૯.
વેલેટ પાર્કિંગ સુવિધા છે.

(CLC-20344)

### આપના આગમનના અભિલાષી




માતુશ્રી મઠાંબાઈ વેરશી માણેક ગડા (ચિયાસર)



અ. સૌ. કુસુમ કિરણ વેરશી ગડા



રવિ કિરણ ગડા



અભય કિરણ ગડા



અ. સૌ. ચંદન અંકુર કારાણી (ગડા)

---

## માયા અને મમતાનું સાર્થક સ્વરૂપ મામાની દુઃખદ વિદાય...



કચ્છ
નાની ખાખર

મુંબઈ
માટુંગા

## શ્રી મનસુખલાલ ગાંગજી દેઢિયા

**અરિહંત શરણ : તા. ૨૬-૧-૨૦૨૪**

જેમની આંગળી પકડીને વ્યવસાયની પાપા પગલી માંડી.
જેમના દીર્ઘકાલીન સહકાર્ય અને માર્ગદર્શન વડે વ્યવસાય ખીલવ્યો
એવા હૂંફ અને હિમ્મતના સ્ત્રોત સમાન મામાની વિદાયનો આઘાત જીરવી લેવો
એ અમારી માટે અતિ મુશ્કેલ થઈ પડશે.
વાસ્તવમાં મા સમાન પ્રેમ વરસાવનાર મામાની આત્માને
સત્વરે મોક્ષની પ્રાપ્તિ હો એવી મંગલ પ્રાર્થના...

(CLC-20358)

**શોકાતુર : ભાણેજ-ભાણેજવહુ પરિવાર**

અ.સૌ. હિના રીતેન ગાલા (કાંડાગરા-થાણા)
ચિ. કોમલ રીતેન ગાલા
K. K. Tex Staff

---

## ચર્તુથ વાર્ષિક પુણ્યતિથિએ ભાવાંજલી...



ગામ : મોખા

હાલે : મુલુંડ

## શ્રી નવીનચંદ્ર પુનશી ભેદા

**દેવલોકગમન : તા. ૨૯-૧-૨૦૨૦**

ટાઢ તડકા આપે સહી લીધા, સદૈવ અમને છાંયડા દીધા...
બની અડીખમ મોભી ખુદ, અમોને ઊંચા મિનારા દીધા...
માવતર કેરી ફરજ એટલી રૂડી, સંસ્કારના ઉમદા વૈભવ દીધા...
ઉપડે હજુય ફરિયાદ ના સુર, કેમ અમોને વિખૂટા કીધા...
તમે સદૈવ અમ મનમંદિરમાં...

**જીવનસંગીની : પ્રભા ઉર્ફે નીતા નવીનચંદ્ર ભેદા**

કવિતા રાહુલ ભેદા    છાયા સંજય ભેદા
વંશી, વીર, જૈતી

(CLC-20354)

FORWAY teens mode
FJW FORWAY JEANS WAGON

BINITA S. MARU - 9869034162

# શ્રી નાની ખાખર જૈન સંઘ

## મોટા ઉપાશ્રયમાં તક્તીનું અનાવરણ સહ દાતાઓનું બહુમાન



ભગવાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં, પૂ. ગુરુદાદા પાર્શ્વચંદ્ર સૂરિશ્વરજીની અસીમ કૃપાથી, સંઘ શિરોમણિ મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ. સા. ની પ્રેરણાથી, સર્વે સાધુ-સાધ્વી ગુરુભગવંતોના આશીર્વાદથી અને દાતા પરિવારોના અમૂલ્ય યોગદાનથી સુંદર કાર્યો થઈ રહ્યા છે.

જેમનાં હૈયે ગામ માટે સારા કાર્યો કરવાની હંમેશાં તત્પરતા હોય છે એવા મહાજનના ચેરમેન શ્રી શાંતિભાઈ મેકોનીએ પોતાના વડીલોની સ્મૃતિમાં સંઘના મોટા ઉપાશ્રયના નુતનીકરણ માટે સારૂં એવું યોગદાન આપ્યું છે.



શ્રી નેમજીભાઈ મેકોની

**દાતાશ્રી: માતુશ્રી મુકતાબેન નેમજીભાઈ નાનજી મેકોની પરિવાર**

**હ. શ્રીમતી ઉર્મિલાબેન શાંતિલાલભાઈ નેમજી મેકોની પરિવારની**

શ્રી સંઘ ખૂબ ખૂબ અનુમોદના સાથે આભાર વ્યક્ત કરે છે. એમના નામની તક્તીની અનાવરણ વિધિ સહ પરિવારના બહુમાન નિમિત્તે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મહાપૂજનનો કાર્યક્રમ સં. ૨૦૮૦ મહા સુદ બીજ, રવિવાર, તા. ૧૧-૦૨-૨૦૨૪ ના રાખેલ છે. વિધિકાર શ્રી રાજાભાઈ નંદુ અને સંગીતકાર શ્રી અફઝલ મીર પધારશે.



માતુશ્રી મુકતાબેન



ડાબેથી દિનેશભાઈ, શૈલીબેન, શાંતિલાલભાઈ, ઉર્મિલાબેન, પ્રીતિબેન, અર્હમ, દેવેન્દ્રભાઈ, ધનિક, વિરાજ

ગામ નાની ખાખરના
ચેરમેનપદે બિરાજતા,
આપની નિ:સ્વાર્થ સેવાની
ગામ કરે છે અનુમોદના.

આ એક દિવસના કાર્યક્રમમાં પધારવા માટે મુંબઇ-ગાંધીધામ-મુંબઈનું સ્લીપર કલાસમાં જવા-આવવાનું ટિકિટ ભાડું, ગાંધીધામ થી સંઘરૂપે નાની ખાખર જવાનું તથા પાછા ગાંધીધામ આવવા તૂફાનની વ્યવસ્થા તથા એક દિવસની સાધર્મિક ભક્તિ પણ દાતા પરિવાર તરફથી રહેશે. એ માટે ફક્ત સયાજી નગરી ટ્રેનની જ તા. ૧૦-૦૨-૨૦૨૪ ની ટિકિટો હમણાં પોતાની મેળે લઈ લેવી, જેની રકમ સ્થાનિકે આપવામાં આવશે. આ કાર્યક્રમનો લાભ લેવા સૌને સ્થાનિકે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ પ્રસંગે આવનાર સૌએ પોતાના નામ-સંખ્યા લખાવવા.

**(૧) શ્રી અશ્વિન છેડા, મો. 98192 03140, (૨) શ્રી રોમેશ સાલિયા, મો. 98211 92356 નો સંપર્ક કરવા વિનંતી.**

નોંધ : નોંધ: તા. ૧૭-૧૮-૧૯ ફેબ્રુઆરી ૨૦૨૪ ના ભદ્રેશ્વર નગરે પૂ. ગુરુદાદાના મંદિરની ધજાનો કાર્યક્રમ રહેશે. એ માટે રોકાવવું હોય અને જો અન્ય ટ્રેનની ટિકિટ હશે તો એ બતાવવાથી રકમ આપી દેવામાં આવશે. તેથી આપની અનુકૂળતા મુજબ ટિકિટો મેળવી લઈને સ્થાનિકે બહોળી સંખ્યામાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા વિનંતી.

(*1246)

લિ. મંત્રીઓ

DEV GRAPHICS - 9323 84 2828

# શાશ્વત સ્મૃતિ

**જન્મ વર્ષ:**
૧૯૩૭


**જન્મસ્થળ:**
કુંદરોડી (કચ્છ)

**કર્મસ્થળ:**
કેમ્પ્સ કોર્નર - મુંબઈ

**અરિહંત શરણ:**
૨૯-૦૧-૨૦૨૩

**યોગદાન માટે બિરુદ:**
વોટરમેન ઓફ કચ્છ

''મારું જીવન કચ્છ અને સમાજસેવાને સમર્પિત રહ્યું છે. પિતાજી લાલજીભાઈના સંઘર્ષ અને નીતિમાન જીવને અમને શીખવ્યું કે, વ્યાપાર - ઉદ્યોગમાં પ્રમાણિકતા અને ગુણવત્તા અગ્રસ્થાને રહેવી જોઈએ. સેવાવૃતિનો વારસો પૂર્વજોએ આપ્યો છે. કચ્છની સમસ્યાઅને પીડા હલ કરવા, કચ્છ ઉત્કર્ષની સઘળી પ્રવૃતિઓમાં યોગદાન આપવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે. કચ્છહિતની વાત હૈયે ધરી શક્ય તેટલું પ્રદાન કરવા મારો એન્કરવાલા પરિવાર તત્પર છે અને રહેશે.''



## - 'વોટરમેન'
## દામજીભાઈ એન્કરવાલા

(CLC-20372)



# શાશ્વત સ્મૃતિ

## બાળપણ

- પિતા લાલજીબાપા અને માતા ઉમરબાઈનાં ઘેર **દામજીભાઈનો** જન્મ થયો.
- પરિવારમાં બે ભાઈ અને એક બહેન, ભાઈ જાદવજીભાઈ અને બહેન ઝવેરબેન.
- પિતા મુંબઈમાં નાણાં ધીરવાનું કામ કરતા.
- **છ વર્ષની વયે દામજીભાઈ મુંબઈ આવ્યા.**
- ભાયખલા ખટાઉ મિલ પાસે પિતાજીની દુકાન હતી.
- એક વર્ષ પછી દામજીભાઈ વતન પાછા આવ્યા.
- **થોડા સમય પછી ફરી મુંબઈની વાટ પકડી.**



પિતા લાલજીભાઈ અને માતા ઉમરબાઈ

## યુવાવસ્થા

- મુંબઈની ખાલસા કોલેજમાંથી ઈન્ટર સાયન્સ પાસ કર્યું.
- બાળપણમાં ડોક્ટર બનવાની ઈચ્છા, પણ માંદગીનાં કારણે સ્વપ્ન પૂરું ન થયું.
- કોલેજ પૂરી કર્યા પછી પિતાજી સાથે દુકાન પર બેસતા, સારી ઘરાકી જોઈ, તેમને કામની મજા પણ આવી.
- વ્યાપાર - ધંધાનું સ્વપ્ન જોયું અને ફેક્ટરી નાખી, પણ સફળ ન થયા.
- દીર્ઘદ્રષ્ટા પિતાનાં માર્ગદર્શન અને દિશાદોરથી એન્કર ઈન્ડસ્ટ્રિઝનો ઉદય થયો.
- ૧૯૬૦માં શાંતાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા.



## હમ સાથ સાથ હૈ....
## એન્કરવાલા પરિવાર

(L to R) દોહિત્ર વિહાન, દોહિત્રી પ્રિશા, પૌત્ર કરણ, પુત્ર સંજયભાઈ, પુત્રવધુ હિનાબેન, પત્ની શાંતાબેન, પુત્ર અતુલભાઈ, પુત્રવધુ ઉષાબેન, પૌત્રી દેવાંશી, પુત્રી નીપાબેન, જમાઈ ગગનભાઈ, પૌત્ર કુનાલ

**એન્કરવાલા પરિવાર સેવાકાર્યો માટે સદાય તત્પર રહેશે....**

## વ્યવસાય

- મલાડમાં બોમ્બે ટોકિઝ કમ્પાઉન્ડમાં બંગાળી બાબુ સાથે મળી **ડાઈ-ટૂલ્સની ફેક્ટરી** શરૂ કરી.
- બી. કે. ઈન્ડસ્ટ્રિઝ નામની આ ફેક્ટરીમાં નુકસાની આવતા **વ્યવસાય** બંધ કર્યો.
- ત્યારબાદ મેન્યુફેક્ચરિંગમાં જોડાયા. તે સમયે ઈટાલીની કાળી સ્વિચ ચાલતી. દામજીભાઈએ **પિયાનો સ્વિચ** બનાવી.
- વ્યવસાય સારો ચાલ્યો. ખાસ તો દીપક ઈલેક્ટ્રિકલ્સ ના રસિકભાઈ ધારિયાએ મદદ કરી.
- પહેલા **વિક્ટર બ્રાન્ડ** થી ઉત્પાદન કર્યું. બાદમાં **'એન્કર'** નામ અપનાવ્યું.
- ૧૯૬૨માં **એન્કર નામ રજિસ્ટ્રેશન** થયું. એ પછી દામજીભાઈ પણ મામણિયા અટકના બદલે **'એન્કરવાલા'** તરીકે પ્રખ્યાત થયા.
- દામજીભાઈના મનમાં કંઈક નવું કરવાનો વિચાર નિષ્ફળતામાંથી આવ્યા. આ વખતે તેમણે **મેન્યુફેક્ચરિંગમાં** જવાનો વિચાર કર્યો. કાકાએ ઈન્ડસ્ટ્રીમાં જવાની ના પાડી. **ભાઈ જાદવજીભાઈ** આશા એમ્પોરિયમમાં બેસતા. દામજીભાઈ અને જાદવજીભાઈએ બન્ને મળીને **મલાડમાં સ્વિચ બનાવવાનું શરૂ કર્યું.**
- શરૂઆતમાં **વિક્ટર બ્રાન્ડની વ્હાઈટ સ્વિચ** બનાવતા. પછી બીજા પ્રોડક્ટ્સનું ઉત્પાદન શરૂ કર્યું. ફેક્ટરી ચાલવા લાગી. માલ વેચાવા લાગ્યો. ઉત્પાદનનું **માર્કેટીંગ** કરવા દામજીભાઈ-જાદવજીભાઈ સાથે
- લોહાર ચાલમાં **દીપક ઈલેક્ટ્રીક કોર્પોરેશનના રસિકભાઈ ધારિયા (બાલાસિનોર)** ને મળ્યા અને સ્વિચ બતાવી. એમને ગમી. **૮ રૂા. ડઝનના ભાવે** ખરીદવા તૈયાર તો થયા પણ કહ્યુ કે તમારા પિતાજીને તેડી આવો.
- વિક્ટર બ્રાન્ડ રજિસ્ટર્ડ થઈ નહીં એટલે દામજીભાઈ અને જાદવજીભાઈ નવું નામ શોધવા અંગ્રેજી ડિક્શનરી લઈને બેઠા. છેવટે **'એન્કર'** શબ્દ પસંદ કર્યો. એન્કર શબ્દમાં બીજું કાંઈ ન હતું પણ લોકોની જીભ પર જલ્દી ચડી જાય એવું હતું એટલે પસંદ કર્યું. **એન્કર ને ૧૯૬૨ માં રજિસ્ટ્રેશન મળ્યું.** બ્રાન્ડ વધતી ગઈ.
- એન્કરનું ઉત્પાદન વેચવા માટે દેશભરમાં એજન્સીઓ રાખી. **દેશભરમાં એન્કરનું નામ ગુંજતું થયું.** જે નામ આજે દુનિયાભરમાં જાણીતું થયું છે. **ઉત્પાદન વધારવા ગોરેગામ, અંધેરીમાં જગ્યા લીધી. પિતાના આગ્રહથી વલસાડમાં જગ્યા ખરીદી.**



વિશ્વની ટોચની સ્વિચ મેન્યુફેક્ચર બ્રાન્ડ 'એન્કર'

- એ પછી પારડી, ઉદવાડા, મોતીવાડ, સુકેસ, ખેરગામ, વાપી વગેરેમાં જગ્યાઓ લીધી. **દેશભરમાં એજન્ટોનું નેટવર્ક ઊભું કર્યું.** ઉત્પાદન પણ ચપોચપ વેચાઈ જતું. સાત આઠ વર્ષમાં તો ઉદ્યોગ જામી ગયો હતો.
- **લોકોને ઓછા ભાવે શ્રેષ્ઠ ગુણવત્તાની વસ્તુઓ** આપવાના નિર્ધાર સાથે **૧૯૯૨ માં એન્કર હેલ્થ એન્ડ બ્યુટી કેર પ્રા. લિ.** ની સ્થાપના કરી. **એન્કર વ્હાઈટ ટૂથપેસ્ટ, ડાયના સાબુની બ્રાન્ડ** દેશ-વિદેશમાં લોકપ્રિય બની.

(CLC-20373)



# શાશ્વત સ્મૃતિ







## મુંબઈની ભક્તિ વેદાંત હોસ્પિટલને એન્કરવાલા પરિવારની અઢી કરોડની સખાવત

### પ્રથમ નિવાર્ણ દિને દાનરૂપી આદરાંજલિ



સંજય શાહ (એન્કરવાલા)

જિંદગીને ઝિંદાદિલીથી ભલે જીવીએ, પણ **એક એક કદમ આયોજનબદ્ધ, દૂરંદેશીભર્યું હોવું જોઈએ,** એ અમને **પિતાશ્રી દામજીભાઈ** તરફથી શીખવા મળ્યું છે. અમારા બાળપણનો સમય પપ્પા માટે ધંધો જમાવવા માટેની દોડધામનો હતો. ત્યારથી લઈને તેઓ દેશના સફળ ઉદ્યોગપતિ, સમાજ સેવક, દાર્શનિક અગ્રણી તરીકે ખ્યાત થયા ત્યાં સુધી એમને સાહજિક - સ્વાભાવિક જ જોયા છે. **સ્વસ્થતા અને કર્મ - નિયતિમાં શ્રદ્ધા ગજબની.** ભાગ્યે જ તેમણે ઉચાટ અનુભવ્યો હશે.

પપ્પા નવા સ્થળો જોવાના, પ્રવાસના શોખીન હતા. ઐતિહાસિક સ્થળોએ અમને નિયમિત લઈ જાય અને બધી વિગતો જાણે.... સમજાવે. તેઓ કહેતા કે, **ઈતિહાસ માંથી હંમેશા ભવિષ્યને સુનિયોજિત બનાવવાની શીખ મળે છે.**

દામજીભાઈએ જીવનભર માનવસેવા, જીવદયાના સિદ્ધાંતો સાથે કચ્છ અને દેશની ચિંતા કરી. અગણિત દાન આપ્યાં છે. **પ્રથમ આદરાંજલિ** નિમિતે અમારા પરિવાર દ્વારા **મુંબઈમાં ભક્તિ વેદાંત હોસ્પિટલમાં** મેડિકલ રિસર્ચ વિભાગ માટે **રૂા. અઢી કરોડનું દાન** અપાયું છે. એમણે ચીંધેલા રાહ પર ચાલવાનો અમારો - એન્કરવાલા પરિવારનો પ્રયત્ન રહે છે. **કચ્છ માટે, જ્ઞાતિ સમાજ માટે, અબોલ જીવો માટે અમે સદાય તત્પર છીએ અને રહીશું....**




અતુલ શાહ (એન્કરવાલા)



લઘુબંધુ
જાદવજીભાઈ એન્કરવાલા

ચંદ્રમુખી જેવા મારા પ્રિય મોટા ભાઈ હતા. આજે આપણી વચ્ચે નથી પણ એમની સુવાસ આપણામાં વસેલી છે. તેઓ જેમને એકવાર મળે તેમાં તે હમેશા વસી જાય. એમના વિચાર સદા ઉદાર, દયાળુ તથા પ્રેમાળ હતા. તેમનું માયાળુ અને પ્રિય સ્વભાવ **હંમેશા બધાને પ્રિય લાગે.** એમની વિદાયને આજે એક વર્ષ થયું છતાં જાણે આપણી વચ્ચે છે એમ લાગ્યા કરે છે.

પચાસ વર્ષ સુધી સાથે એન્કર સ્વિચનો વ્યવસાય કર્યો તે પેનાસોનિકને વેચ્યો અને ત્યારબાદ તેમણે **એન્કર હેલ્થ એન્ડ કેર** નામે હેલ્થ કેર પ્રોડક્ટ બનાવ્યા અને મેં **ગ્રેટવ્હાઈટ** નામથી સ્વીચ બનાવી. આજે બંને વ્યવસાય સારા ચાલે છે અને પ્રગતિ કરે છે.



શંકરસિંહ વાઘેલા
માજી મુખ્યમંત્રી ગુજરાત

૧૯૭૫ માં વલસાડ ખાતે નાનો ઔદ્યોગિક એકમ શરૂ કરનારા લાલજીભાઈએ તે સમયે જય પ્રકાશ નારાયણની સંસ્થામાં માતબર ગણાય એવું ૭૫ હજારનું દાન કર્યું હતું. તે સમયે જનસંઘમાં સતત સક્રિય રહેલા શંકરસિંહ વાઘેલા આ દાનથી પ્રભાવિત થઈને લાલજીબાપાને મળ્યા હતા. ત્યારથી સ્થપાયેલા સંબંધ એન્કરવાલા પરિવારની ત્રીજી પેઢી સાથે એવા જ ગાઢ રહ્યા છે.

કચ્છમાં દુકાળ હોય કે અન્ય કોઈ આપદા હોય જગદુશા તરીકે દામજીભાઈ સતત પડખે રહેલા. નાના કલાકારોની માટે તેમના કહેવાથી ૫૦ લાખનું ભંડોળ આપનારા દામજીભાઈએ કચ્છ અને ગુજરાતના ઔદ્યોગિક પ્રશ્નો ઉકેલવા સતત સંપર્કમાં રહ્યા.





૧૯૯૮ માં કંડલા અને કંઠીપટને તારાજ કરનારા વાવાઝોડાના અસરગ્રસ્ત ખેડૂતો સાથે વાતચીત કરતા પ્રવીણચંદ્ર ગાંધી અને દામજીભાઈ સાથે સુમતીચંદ્ર મહેતા અને અન્ય અગ્રણીઓ

(CLC-20374)



## શાશ્વત સ્મૃતિ

# વિવિધ સેવાકાર્યો માટે દામજીભાઈ એન્કરવાલા મહાનુભાવો સાથે....



૭મી જૂન ૧૯૯૦ ના મુબઈમાં નર્મદા સમર્થનમાં યોજાયેલી રેલી વિશે કચ્છમિત્ર દ્વારા પ્રસિદ્ધ બુકની પ્રથમ પ્રત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપતા દામજીભાઈ, ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણીયા અને તંત્રી દીપક માંકડ



અટલ બિહારી વાજપેયી સાથે....



શિવસેના સ્થાપક બાલા સાહેબ ઠાકરે સાથે...



પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા સાથે...



રાજીવગાંધી અને સોનિયા ગાંધી સાથે...



પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી સાથે...



સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવીણચંદ્ર ગાંધી અને શરદ પવાર સાથે...



પૂર્વ મુખ્યમંત્રી છબીલદાસ મહેતા સાથે...



બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે...



પૂજ્ય મોરારિ બાપુ, કલ્યાણજીભાઈ અને આણંદજીભાઈ સાથે...



વીરાયતનના સાધ્વી શીલાપીજી સાથે...



વેપારી સંસ્થાના એક કાર્યક્રમમાં...

(CLC-20375)



# શાશ્વત સ્મૃતિ

## સાહિત્ય, શિક્ષણ, વતનપ્રેમ હોય કે પશુસેવા....

# થકના નહીં, રૂકના નહીં, દામજીભાઈનો મંત્ર હતો.



પદ્મભૂષણ કુંદનભાઈ વ્યાસ
ગ્રુપ એડિટર, જન્મભૂમિ પત્રો

### સાહિત્ય અને ભાષાપ્રેમ

